**VEER NARMAD**
**SOUTH GUJARAT UNIVERSITY**
**Udhna-Magdalla Road, P.B. No. 49**
**SURAT - 395 007 (Gujarat)**
✆ : 2227141 to 2227146
**Fax :** (0261) 2227312
**Gram :** SOGUNI

**વીર નર્મદ**
**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
**ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯**
**સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)**
✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**ફેકસ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**તાર :** સોગુની

**E-mail :** sgu@sguernet.in

<u>સિન્ડિકેટની તાકીદની સભા</u>
તા.૧–૪–૨૦૦૪

ખાનગી
ફકત સભ્યોની જાણ માટે

સિન્ડિકેટની તાકીદ સભા ગુરુવાર, તા: ૧–૪–૨૦૦૪ ના રોજ બપોરે, ૧૨–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : <u>કાર્યવાહી</u> :

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામપ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેહાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫ | ડૉ.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | શ્રી જયેશ વી દેશકર | હાજર |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |

(૧) તા. ૨૭–૨–૨૦૦૪ ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક : (૩,૫,૬) પર વિચારણા કરવા બાબત. (બાંધકામ)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, તા. ૨૭–૨–૨૦૦૪ ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક : ૩,૫ અને ૬ સામેલ પરિશિષ્ટ–'ક' મજબની યથાવત મંજૂર કરવી.

(પરિશિષ્ટ–'ક')

(૨) હાલના કેમ્પસ પરનું એમ.સી.એ. નું બિલ્ડીંગ (કાનજીભાઈ દેસાઈ કોમ્પ્યુટર સેન્ટર) નું મકાન ડી.બી.આઈ.એમ. વિભાગને ફાળવી આપવા માટે ડી.બી.આઈ.એમ. વિભાગના વડાશ્રીનો તા.૨૩–૦૨–૨૦૦૪ નો પત્રાંક : MBA/TCH-27/SK/1118/2004, પર વિચારણા કરવા બાબત. (બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલના કેમ્પસ પરનું એમ.સી.એ.નું બિલ્ડીંગ (કાનજીભાઈ દેસઈ કોમ્પ્યુટર સેન્ટર) નું મકાન સ્વતંત્ર કોમ્પ્યુટર સેન્ટર તરીકે ચાલુ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ અલગથી વિકસીત કરવાનું રાખવું.

(૩) યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાયેલા "યુટીલીટી" બિલ્ડીંગ માટે તા.૯–૧–૦૪ની સિન્ડિકેટ દ્વારા નીમવામાં આવેલ પેટા સમિતિની તા.૧૭–૧–૦૪ અને ૧૩–૨–૦૪ની મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, 'યુટીલીટી' બિલડીંગ માટે તા.૯–૧–૦૪ની સિન્ડિકેટ દ્વારા નિયુકત પેટા સમિતિને પેટાસમિતિની તા.૧૭–૧–૦૪ અને તા.૧૩–૨–૦૪ની સભાની કાર્યવાહીઓ પુન:વિચારણા માટે મોકલવી.

(૪) થર્ડ એમ.બી.બી.એસ. પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ ગેરરીતિ આચરતા પકડાયા હોઈ અને પરીક્ષામાં બેસવા દીધા ન હોય તેવા વિદ્યાર્થીઓ ફરીથી પરીક્ષા આપે તો તેવા વિદ્યાર્થીઓની ટ્રાયલ ફર્સ્ટ કે સેકન્ડ ટ્રાયલ ગણવી તે અંગે સરકારી તબીબી મહાવિદ્યાલયના ડીનશ્રીએ તેમના તા.૭–૨–૨૦૦૪ના પત્રથી માગેલી સ્પષ્ટતા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવમાં આવે છે કે, થર્ડ એમ.બી.બી.એસ. પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ ગેરરીતિ આચરતા પકડાયા હોઈ અને પરીક્ષામાં બેસવા દીધા ન હોય તેવા વિદ્યાર્થીઓ ફરીથી પરીક્ષા આપે તો તેવા વિદ્યાર્થીઓની બીજી ટ્રાયલ ગણવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત પરીક્ષામાં થયેલ ગેરરીતિ સાથે સંકળાયેલ સબંધિત વ્યકિતઓ અંગેની બાબત આચાર સમિતિ સમક્ષ રજૂ કરવી.

(૫) મેડીકલ ફેકલ્ટીમાં એમ.ડી.પરીક્ષા પાસ કરાવવા નાણાની હેરાફેરી અંગેના સંદેશના તા.ર૬–૩–ર૦૦૪માં પાના નં–૧૧ પર આવેલ સમાચારના સંદર્ભમાં એક શુભેચ્છક તરફથી મા.કુલપતિશ્રીને લખેલ તા.ર૭–૩–ર૦૦૪ના પત્ર પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: પ્રસ્તુત બાબત વિચારણામાંથી પાછી ખેચવામાં આવી.

(૬) પી.જી.ડિપ્લોમાં ઈન જર્નાલિઝમ અને પી.જી.ડિપ્લોમા ઈન માસ કોમ્યૂનિકેશનને યુ.જી.સી. ની દસમી યોજના અંતર્ગત મળેલી રીડરની પોસ્ટ પર યુ.જી.સી.ની દસમી યોજનાના અંત સુધી રીડરની કોન્ટ્રેકચ્યુઅલ બેસીસ પર નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત.

(જર્નાલિઝમ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પી.જી.ડિપ્લોમાં ઈન જર્નાલિઝમ અને પી.જી.ડિપ્લોમાં ઈન માસ કોમ્યુનિકેશનને યુ.જી.સી.ની દસમી યોજના અંતગર્ત મળેલી રીડરની પોસ્ટ પર યુ.જી.સી.ની દસમી યોજનાના અંત સુધી રીડરની કોન્ટ્રેકચ્યુઅલ બેઝીસ પર જગ્યા ભરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, દશમી પંચવર્ષીય યોજનાનો સમયગાળો પૂરો થયા પછી આ જગ્યાને રાજય સરકારની મંજૂરી મળે તે માટે તાર્કીક પ્રયત્ન કરવા.

(૭) યુનિવર્સિટીના ગણિતના અનુસ્નાતક વિભાગમાં એક પ્રોફેસરની જગા પર નિમણૂંક અંગે ભલામણ કરવા ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલ પસંદગી સમિતિની તા. ૧૭–૩–ર૦૦૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતના અનુસ્નાતક વિભાગમાં પ્રોફેસરની જગા પર નિમણૂક અંગેની પસંદગી સમિતિની તા.૧૭–૩–ર૦૦૪ની સભાની ભલામણ સ્વીકારવી અને એક પ્રોફેસરની જગા માટે ફરીથી જાહેરાત આપી નિમણૂક કરવાનું રાખવું.

**<u>અધ્યક્ષશ્રીની સંમતિ થી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.</u>**

(૮) યુનિવર્સિટી ગ્રંથાલય વિભાગમાં ગ્રંથપાલની જગા યુ.જી.સી.ના નોટિફીકેશન– ૧૯૯૮ અંતગર્ત યુ.જી.સી. એ આ જગા માટે નકકી કરેલ ધારાધોરણોનો અમલ કરી જુના પગાર ધોરણ રૂ.૧૦,૦૦૦/–૩ર૫/–૧૫,ર૦૦/– માં આપવામાં આવેલ બે વખતની જાહેરાતના સંદર્ભમાં યુનિવર્સિટીને આ જગા માટે લાયક ઉમેદવારોની અરજી મળતી ન હોવાથી વધુ એકવાર જાહેરાત આપી ગ્રંથપાલ તથા નાયબ ગ્રંથપાલની જગ્યા માટે અરજીઓ મંગાવી ગ્રંથપાલ માટે યોગ્યતા ધરાવતા ઉમેદવાર ન મળે તો સદરહુ જગ્યાને નાયબ ગ્રંથપાલમાં

તબદીલ કરી તે મુજબની યોગ્યતા ધરાવનાર ઉમેદવાર હોય તો તેઓને નાયબ ગ્રંથપાલ તરીકે નિમણૂક આપી જગ્યા ભરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૯) યુનિવર્સિટીની ઈજનેરી વિદ્યાશાખામાં ગેરરીતિ આચરતા પકડાયેલા સી.કે.પીઠાવાલા કોલેજ સુરતનાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના જાહેરનામા ક્રમાંક:પરીક્ષા આચાર.ડી.૪૦૨૬/૨૦૦૪ થી સને ૨૦૦૩–૨૦૦૪ ના અંત સુધી યુનિવર્સિટીની પરીક્ષામાં નહી બેસવા દેવા અંગે સજા ફરમાવી હતી. સદરહુ પરીક્ષામાં સજા પામેલા વિદ્યાર્થીઓ તેમની સજા બાબતમાં દયા બતાવવા અંગે વિનંતી કરી છે. તે અંગે વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈજનેરી વિદ્યાશાખામાં ગેરરીતિ આચરતા પકડાયેલા વિદ્યાર્થીઓની વિનંતી સ્વીકારવી નહીં.

(૧૦) સ્વનિર્ભર બી.એડ્. કોલેજોની પ્રવેશ ફી બાબત અંગેશ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શિક્ષણ પ્રશિક્ષણ મહાવિદ્યાલયના પ્રધાનાચાર્યશ્રીના તારીખ ૧–૪–૨૦૦૪ના પત્ર ક્રમાંક: ૧૨૬/કાર્યા./૨૦૦૩–૦૪ના પત્ર પર વિચારણા કરવા બાબત. (શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નામદાર હાઈકોર્ટના હુકમ મુજબ પ્રસ્તુત બાબતે કાર્યવાહી કરવી.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા: ૧૯–૪–૨૦૦૪
ક્રમાંક : એસ–૧(૧)/૩૪૪૪
પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............

ઈ.ચા.કુલસચિવ
તા: ૧૯–૪–૨૦૦૪